**(1) એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ યોજના હેઠળ ખેડૂત ઉત્પાદન સંસ્થાઓ (FPO), સ્ટાર્ટઅપ, કૃષિ ઉદ્યમીઓ વગેરેને લોન આપવામાં આવશે.
(2) યોજનાનો સમયગાળો વર્ષ 2020-21થી 2029-30 એમ 10 વર્ષનો છે.
(3) આ યોજના હેઠળ આપવામાં આવતી લોનનો વ્યાજદર 3% રહેશે.
(4) આ ફંડના નિયમન તથા દેખરેખ માટે eNAM પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 8 જુલાઈના રોજ કેબિનેટ દ્વારા 'એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ'ને મંજૂરી આપવામાં આવી છે.

⇛ આ યોજના હેઠળ 1 લાખ કરોડ સુધીની નાણાકીય સહાય લોન વિતરણ દ્વારા કરવામાં આવશે. આ લોન ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (FPO), સ્ટાર્ટ અપ, પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટી, કૃષિ ઉદ્યમીઓ વગેરેને આપવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના 2020-21થી 2029-30 એમ 10 વર્ષ સુધી અમલમાં રહેશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડના નિયમન તથા તેની દેખરેખ માટે મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS) નામનું પ્લેટફોર્મ વાપરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ યોજના હેઠળ આપવામાં આવતી લોનનો વ્યાજદર સબસિડીયુક્ત હશે. રૂ. 2 કરોડ સુધીની લોન માટેનો વ્યાજદર પ્રતિવર્ષ 3% રહેશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) "BLUIS" વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ ભુવનેશ્વર લેન્ડ યુઝ ઈન્ટેલીજન્સ સિસ્ટમ છે.

(2) આ સિસ્ટમ દ્વારા આ ક્ષેત્ર માટે ઓડિશા ભારતનુ એવું પ્રથમ રાજ્ય બન્યું છે કે જે સેટેલાઈટ ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરતું હોય.

(3) સરકારી જમીનમાં કોઈ દબાણની પ્રક્રિયા થશે અથવા કોઈ વ્યક્તિ ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો કરી રહયું હશે તો તેની ચેતવણી આ સિસ્ટમ દ્વારા યોગ્ય સ્ટાફને આપવામાં આવશે.

(4) આ સિસ્ટમમાં હાઈ–રિઝોસ્યુશન સેટેલાઈટ ઈમેજનો ઉપયોગ થશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સરકારી જમીનની સલામતી માટે સ્પેસ ટેક્નોલોજી તથા આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરનાર ઓડિશા ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રાજ્યની રાજધાની ભુવનેશ્વરમાં સરકારી જમીનની દેખરેખ માટે 'BLUIS' નામનું વેબ તથા મોબાઈલ આધારિત સોલ્યુશન ઓડિશા દ્વારા લોંચ કરવામાં આવ્યું છે.

⇛ અહીં BLUISનું પૂરુંનામ ભુવનેશ્વર લેન્ડ યુઝ ઈન્ટેલીજન્સ સિસ્ટમ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ BLUIS એક જીઓ–ટેગીંગ ધરાવતી રિપોઝીટરી છે જે દરેક સરકારી જમીનની દેખરેખ રાખશે. આ માટે હાઈ–રિઝોલ્યુશન સેટેલાઈટ ઈમેજનો ઉપયોગ કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સિસ્ટમ હેઠળ, ભુવનેશ્વરની સરકારી જમીનમાં જો કોઈ દબાણની પ્રવૃત્તિ થશે કે કોઈ વ્યકિત કે સમૂહ દ્વારા ગેરકાયદેસર રીતે જમીનનો કબ્જો કરવામાં આવશે તો એક ચેતવણી યોગ્ય સ્ટાફને પહોંચશે. જેથી યોગ્ય કર્મચારી સમયસરના પગલાં લઈ શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) યુ.એન.ના પ્રાણીજન્ય રોગ (ઝુનોટીક ડિસીઝ) માટેના એક રિપોર્ટ મુજબ નીચેનામાંથી કયાં કયાં કારણો દ્વારા પ્રાણીજન્ય રોગમાં વધારો થયો છે ?**

(1) વન્યપ્રાણીનો વધતો જતો ઉપયોગ

(2) વર્ષોથી ચાલી રહેલી સમાન ફુડ સપ્લાય ચેઈન

(3) બિનટકાઉ ખેતી

(4) પ્રાણી પ્રોટીનની વધતી જતી માંગ

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) તથા ઈન્ટરનેશનલ લાઈવસ્ટોક રિસર્ચ ઈન્સ્ટીટયુટ (ILRI) દ્વારા પ્રાણીજન્ય રોગ વિશેનો એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ આ પ્રકારના રોગના ફેલાવામાં નીચેના માનવજન્ય કારણો મુખ્ય રીતે જવાબદાર છે.

- વન્યજીનો વધતો જતો ઉપયોગ : શિકાર માટે પ્રાણીઓનુ શોષણ, માંસ માટેની પશુખેતી, મેડિકલ પરીક્ષણ માટે પશુઓનો ઉપયોગ વગેરે દ્વારા માનવ જંગલી પ્રાણીઓની નજીક આવ્યો છે અને પરિણામે આવા રોગ ઉદ્‌ભવવાની સંભાવનામાં વધારો થયો છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- ફુડ સપ્લાય ચેઈનમાં પરિવર્તન : પ્રાણી સ્ત્રોત ધરાવતાં ખોરાકની પ્રસિદ્ધિ તથા ગ્રાહકની ફટાફટ ડિલેવરીની માંગના કારણે સપ્લાય ચેઈનમાં પરિવર્તનો આવ્યા છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- પ્રાણી પ્રોટીનની વધતી જતી માંગ : આ માંગના કારણે પ્રાણીઓના ઉત્પાદનમાં ઔદ્યોગિકીકરણ તથા તીવ્રતા આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)
- તીવ્ર તથા બિનટકાઉ ખેતી : આ પ્રકારની ખેતીના કારણે પાલતું પશુઓના નિયમનમાં ઘટાડો થયો છે અને પરિણામે અસ્વચ્છતાને કારણે રોગ પ્રસરી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) માર્મોટ (Marmot) નામના પ્રાણી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તાજેતરમાં પ્રસરેલાં G4 વાયરસનું મૂળ આ પ્રાણીમાં હોવાનું જાણવા મળ્યું છે.

(2) તે બિલાડી પરિવારનું પ્રાણી છે.

(3) ભારતમાં લોંગ–ટેઈલ માર્મોટ જોવાં મળે છે.

(4) ચીન તથા રશિયાના કેટલાંક ભાગોમાં મોંગોલિયન માર્મોટ જોવા મળે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પૂર્વ રશિયા, મોંગોલિયા તથા ચીનના કેટલાંક ભાગમાં બ્યુબોનિક (bubonic) પ્લેગના ફેલાવાના અહેવાલ સામે આવ્યા છે. આ રોગ મુખ્યત્વે તરબાગન (Tarbagan) માર્મોટમાંથી ફેલાયો હોવાનું જાણવા મળ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ માર્મોટ એ ખિસકોલીના પરિવારનું પ્રાણી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ માર્મોટ ઠંડા વાતાવરણમાં જોવા મળે છે.

⇛ તે સામાનય રીતે શાકાહારી હોય છે.

⇛ તે મુખ્યત્વે યુરોપ, એશિયા અને ઉત્તર અમેરિકામાં જોવા મળે છે.

⇛ દક્ષિણ એશિયા અથવા ભારતીય ઉપખંડમાં હિમાલયન માર્મોટ જોવા મળે છે. તેને લોંગ–ટેઈલ માર્મોટ પણ કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ મોંગોલિયા, ચીન તથા રશિયાના ભાગોમાં તરબાગન અથવા મોંગોલિયન માર્મોટ જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) પ્લેગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે મુખ્યત્વે વાયરસ દ્વારા ફેલાતો રોગ છે.

(2) પ્લેગના ચેપના મુખ્ય 3 ચિકિત્સક પ્રકાર છે.

(3) બ્યુબોનિક પ્લેગને ‘બ્લેક ડેથ’ પણ કહે છે.

(4) ન્યુમોનિક પ્લેગમાં મગજને ગંભીર અસર થાય છે.

(A) માત્ર (1) અને (3)

(B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (3)

(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ પ્લેગ એ બેકટેરિયા દ્વારા પ્રસરતો પ્રાણીજન્ય રોગ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેના મુખ્ય 2 ચિકિત્સક પ્રકાર છે : બ્યુબોનિક અને ન્યુમોનિક પ્લેગ. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બ્યુબોનિક પ્લેગ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

⇛ 14મી સદીમાં બ્યુબોનિક પ્લેગનો આફ્રિકા, એશિયા અને યુરોપમાં ગંભીર ફેલાવો થયો હતો અને આશરે 5 કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા.

⇛ આ પ્લેગમાં દર્દીને ઘાટ્ટા રંગના ડાઘ થતાં હોવાથી તેને ‘બ્લેક ડેથ’ પણ કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ન્યુમોનિક પ્લેગમાં ફેફસાંને ગંભીર અસર થાય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT